**HARIRAJ**

**CHARITABLE TRUST**



# વાર્ષિક અહેવાલ

# ૨૦૨૪-૨૫



***We are working towards educating the community about environment, gender equality and health.***






Contact Us
+91-6356352828

Our Email
info@hariraj.org

Visit Our Website
www.hariraj.org

HARIRAJ CHARITABLE TRUST



HARIRAJ CHARITABLE TRUST

# સંસ્થાપકનો સંદેશ



આદરણીય મિત્રો, ભાગીદારો અને શુભેચ્છકો,

હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટના બોર્ડ ઓફ ટ્રસ્ટી વતી વર્ષ ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ રજૂ કરવો મારા માટે ખૂબ જ સન્માનની વાત છે. જેમ જેમ આપણે પાછલા વર્ષ ને ધ્યાને લઈએ છીએ તેમ આ સંસ્થાએ જે અદભૂત પ્રવાસ કર્યો છે તેની યાદ આવે છે, જે સમુદાયોની સાથે રહીને કામ કરીએ છીએ તેમની જરૂરિયાતોને ધ્યાને રાખીને શિક્ષણ, આરોગ્ય, કૃષિ અને લિંગ સમાનતાના ક્ષેત્રોમાં પ્રગતિ કરી રહ્યા છીએ. સંસ્થા જે કાર્ય કરી રહી છે તે અમારા સ્વયંસેવકો, દાતાઓ અને ભાગીદારોના સમર્થન અને સમર્પણ વિના શક્ય ન હોત. જે તેઓની અતૂટ પ્રતિબદ્ધતા છે જે અમને સારા કાર્યક્રમો વિકસાવવા સહયોગ પૂરો પાડે છે. આ વર્ષે, ઘણા પડકારો હોવા છતાં, અમે વિવિધ પહેલો દ્વારા સમુદાયોને સશક્તિકરણ કરવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, જેમાં જેન્ડર, શિક્ષણ, કૃષિ ટકાઉપણું અને આબોહવા જેવા મુદ્દાઓ ઉપર અમારું ધ્યાન કેન્દ્રિત છે. બાળકો અને ખેડૂતોને સશક્ત કરવાના હેતુથી અમારા કાર્યક્રમો દ્વારા સજીવ ખેતીને પ્રોત્સાહન આપવા, બાળકોને શૈક્ષણિક સહાય આપવા અને લિંગ સમાનતા માટે હાથ ધરવામાં આવેલા પ્રયાસો માટે અમને ગર્વ છે. અમરેલી અને વડોદરા જિલ્લાઓમાં સમુદાયો સાથે અમે જે વિશ્વાસ બાંધ્યો છે તેના કારણે સંસ્થાને તેમની સ્થિતિસ્થાપકતા વધારવામાં મદદ મળી છે. આ બધા ક્ષેત્રોમાં જેમ જેમ અમે આગળ જઈ રહ્યા છીએ, તેમ અમને વિશ્વાસ છે કે આપના સતત સમર્થનથી અમે અમારા કાર્યક્રમોને વધુ વિસ્તારી શકીશું, વધુ જીવનને સ્પર્શી શકીશું અને વધુ અસર ઊભી કરી શકીશું. શિક્ષણ, આરોગ્ય અને કૃષિ ક્ષેત્રે સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવાનું અમારું મિશન મજબૂત છે અને અમે સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોના જીવનમાં પરિવર્તન લાવવા માટે પ્રતિબદ્ધ છીએ. અમે આ પ્રવાસનો ભાગ બનેલા દરેક વ્યક્તિનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ અને અમને સાથ આપવા માટે આવકારીએ છીએ. કારણ કે આપણે સૌ સાથે મળીને વધુ મોટી સિદ્ધિઓ હાંસલ કરી શકીએ.

આભાર સાથે,

**સુરેશ ગોહિલ**

ટ્રસ્ટી મંડળવતી

# સંસ્થા વિશે

આ સંસ્થાની શરૂઆત ૧૯૯૩માં સામાજિક કાર્યકરો શ્રી નયન ગાંધી, શ્રી પુષ્પા પટેલ, શ્રી સુરેશ ગોહિલ અને શ્રી ધીરજ વાગડીયાના સંયુક્ત પ્રયાસોથી થઇ. શરૂઆતમાં એમ નક્કી કરવામાં આવ્યું કે સંસ્થાના સ્થાપકોના વિચારો અને વિઝન પ્રમાણે અમરેલી જીલ્લાની શિક્ષણ અને આરોગ્યની સેવાઓના સુધારા માટે કામ કરવું. તે પ્રમાણે સંસ્થાએ પ્રાથમિક શિક્ષણ અને પ્રજનન તેમજ બાળ આરોગ્ય કાર્યક્રમથી શરૂઆત કરેલ. સ્થાપનાના સાત વર્ષ બાદ મહિલાઓ માટે આજીવિકાના કાર્યક્રમને જોડવાની ચર્ચા થઇ અને મહિલાઓમાટે વ્યવસાયિક તાલીમોની શરૂઆત કરી. સંસ્થાએ અગરિયાઓ કે જેઓ સમુદ્રની આસપાસના વિસ્તારમાં રહે છેતેમના માટે આવાસો બાંધવાનું, ઐતિહાસિક સ્મારકોના પુનરોત્થાનનું તેમજ શૈક્ષણિક સંશોધનોની કામગીરીને પણજોડવામાં આવી. હવે બહોળા અનુભવથી સંસ્થાએ કુદરતી સંસાધન વ્યવસ્થાપન, સ્વ સહાય જૂથોની અને કૌશલ્ય વિકાસ તાલીમોની પ્રવૃત્તિઓ શરૂ કરી. સંસ્થાની ટીમ ગ્રામ સંજીવની સમિતિઓની ક્ષમતા વર્ધન પ્રવૃતિમાં ખાંભા, ધારી અને અમરેલી તાલુકામાં જોડાઈ. જાફરાબાદ તાલુકાના ખેડૂતોને પ્રોત્સાહિત કરી ખેડૂતોએ પોતાની કંપની બનાવી. અમે આરોગ્ય, શિક્ષણ, મહિલા સશક્તિરણ, સ્વ સહાય જૂથો, કૃષિ અને પર્યાવરણને લગતી સમસ્યાઓ માટે કામ કરી રહ્યા છીએ. ખાસ કરીને અમારૂ ધ્યાન એ બાબતો પર કેન્દ્રિત છે કે જેનાથી અસંગઠિત ક્ષેત્ર, મહિલાઓ, બાળકો અને આર્થિક રીતે પછાત સમુદાયના યુવાનોને શિક્ષણ, આરોગ્ય અને વ્યવસાયની સમાન તકો મળે. સંસ્થા તાલીમ કાર્યક્રમોનું આયોજન કરી સમુદાયને વ્યકિતગત વ્યવસાયો વિકસાવવા પ્રોત્સાહિત કરે છે. અમે કુદરતી સંસાધન વ્યવસ્થાપન અને કૃષિને લગતી પ્રવૃત્તિ સાથે જોડાયેલ છીએ. સંસ્થાની મુખ્ય તાકાતએ તેની અનુભવી ટીમ છે જેથી પાયાના સ્તર સુધી અમારા કામોનો અમલ કરી શકયા છીએ.






# કાર્યક્રમો

## સ્વાસ્થ્ય અંગે જાગૃતિ

સંસ્થા ગ્રામ્ય વિસ્તારોના સમુદાયમાં આરોગ્ય અંગે જાગૃતિ લાવવા માટે પ્રયાસો કરે છે જેમાં શિક્ષણ, જોડાણ અને સમુદાયના સભ્યોની સક્રિય ભાગીદારીનો સમાવેશ થાય છે. સંસ્થા જાણે છે કે સ્થાનિક વ્યૂહરચનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી તેમજ હાલની સમુદાયની પ્રથાઓને એકીકૃત કરવાથી આરોગ્ય અને જીવન જીવવાની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થઈ શકે છે.

### સેગવા ગામના બાળકો માટે આરોગ્ય તપાસ શિબિર



૫ માર્ચ, ૨૦૨૫ ના રોજ, સંસ્થા દ્વારા વડોદરા જિલ્લાના સેગવા ગામની પ્રાથમિક શાળામાં એક આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં શાળાના બાળકો માટે આંખની તપાસ, લોહીના ગ્રુપનું પરીક્ષણ અને સામાન્ય આરોગ્ય તપાસનો સમાવેશ થતો હતો. આ પહેલનો ઉદ્દેશ્ય સ્વાસ્થ્ય જાગૃતિને પ્રોત્સાહન આપવા અને નિવારક સંભાળ દ્વારા વિદ્યાર્થીઓની સુખાકારીને ટેકો આપવાનો હતો.

## શિક્ષણ અને બાળ સંભાળ

### ⚧ જેન્ડર શિક્ષણ



મહિલાઓ અને છોકરીઓ સામે હિંસા અને ભેદભાવને રોકવા માટે, સંસ્થા છેલ્લા ૫ વર્ષથી અમરેલી જિલ્લાના ૪ તાલુકામાં ૧૩ થી ૧૭ વર્ષની વય જૂથના છોકરાઓ અને છોકરીઓ સાથે કાર્યક્રમ ચલાવી રહી છે. સંસ્થાની સ્વયંસેવક ટીમ કિશોરવયના છોકરાઓ અને છોકરીઓને જેન્ડર વિશે સમજાવવા તેમજ જ્ઞાન, કૌશલ્ય અને નેતૃત્વ દ્વારા સમાજમાં જેન્ડર ધોરણોને પડકારવા માટે તાલીમ આપી રહી છે. સંસ્થાએ ફાઉન્ડેશન પ્રોગ્રામ અને એક્શન ફોર ઇક્વાલિટી કોર્સના બે રાઉન્ડનું આયોજન કર્યું હતું, જેમાં દરેકમાં ૧૫ મોડ્યુલ હતા.

### પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય

- જેન્ડર સમાનતાના મહત્વ અને સમાજ પર જેન્ડર ધોરણોની નકારાત્મક અસર વિશે છોકરાઓમાં જાગૃતિ લાવવી.
- જેન્ડર અંગેની રૂઢિઓને પડકારવા અને તેમના સમુદાયોમાં જેન્ડર સમાનતાને પ્રોત્સાહન આપવા માટે જરૂરી જ્ઞાન, કુશળતા અને સંસાધનોથી છોકરાઓને સશક્ત બનાવવા.
- છોકરાઓમાં આદરપૂર્ણ વલણ અને વર્તણૂકોને પ્રોત્સાહન આપીને સ્ત્રીઓ અને છોકરીઓ પ્રત્યેના હાનિકારક વર્તણૂકોને ઘટાડવી.
- છોકરાઓને જૂથોમાં કામ કરવા અને સમાજમાં જાગૃતિ વધારવા માટે તેમના સાથીદારો, પરિવારના સભ્યો અને સમુદાયના સભ્યોને પ્રભાવિત કરવા સક્ષમ બનાવવા
- જેન્ડર આધારિત હિંસા અને ભેદભાવથી મુક્ત સમાજના નિર્માણમાં નોંધપાત્ર યોગદાન આપવું.
- સ્ત્રીઓ સામે શારીરિક, ભાવનાત્મક અને જાતીય હિંસા અટકાવવાના પ્રયાસો કરવા.
- પુરુષોને સ્ત્રીઓનો આદર કરવા અને સ્ત્રીઓ દ્વારા સામનો કરવામાં આવતા પડકારોના ઉકેલો શોધવામાં મદદ કરવા માટે પ્રોત્સાહિત કરવા.

## ફાઉન્ડેશન પ્રોગ્રામ

- લાભાર્થીઓ - ૧૨૬ કિશોરો
- કાર્યવિસ્તાર - મોટા માચીયાળા, ભેરાઈ, પીપળવા અને ભાંકોદર (ભાંકોદરમાં બે કેન્દ્રો)

| ક્રમ | ગામ / સમુદાયનું નામ | મેન્ટર / ફિલ્ડ ફેસિલિટેટર | ટોટલ કિશોરો |
|---|---|---|---|
| ૧ | મોટા માચીયાળા | નેન્સીબેન ગાંગડીયા | ૧૮ |
| ૨ | ભેરાઈ | પલ્લવીબેન ગઢાદરા | ૨૬ |
| ૩ | ભાંકોદર - ૧ | ચકુબેન સાંખટ | ૨૧ |
| ૪ | ભાંકોદર - ૨ | વનિતાબેન કવાડ | ૨૧ |
| ૫ | પીપળવા | શિલ્પાબેન ટાંક | ૪૦ |
| | | ટોટલ | ૧૨૬ |

## એક્શન ફોર ઇક્વાલીટી પ્રોગ્રામ

- લાભાર્થીઓ - ૮૬ કિશોરો
- કાર્યવિસ્તાર - મોટા માચીયાળા, તાલડા અને ભાંકોદર ૧ અને ૨

| ક્રમ | ગામ / સમુદાયનું નામ | મેન્ટર / ફિલ્ડ ફેસિલિટેટર | ટોટલ કિશોરો |
|---|---|---|---|
| ૧ | મોટા માચીયાળા | નેન્સીબેન ગાંગડીયા | ૧૭ |
| ૨ | ભાંકોદર - ૧ | ચકુબેન સાંખટ | ૧૦ |
| ૩ | ભાંકોદર - ૨ | વનિતાબેન કવાડ | ૧૯ |
| ૪ | તાલડા | શિલ્પાબેન ટાંક | ૪૦ |
| | | ટોટલ | ૮૬ |

## બાળ વિકાસ કેન્દ્ર

સંસ્થાએ વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સેગવા ગામમાં બાળ વિકાસ કેન્દ્રની સ્થાપના કરી છે, જે સંસ્થાના કાર્યક્રમનું ગામ છે. આ કેન્દ્ર સ્થળાંતરિત મજૂરોના પરિવારોના ૩- ૧૪ વર્ષની વયના ૧૨ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ, આરોગ્ય તપાસ અને સહાય પૂરી પાડવા માટે કાર્ય કરે છે. આમાંના ઘણા બાળકો કાં તો અભ્યાસ છોડી ચૂક્યા છે અથવા સ્થળાંતરના પડકારોને કારણે ક્યારેય શાળામાં જવાની તક મળી નથી. આ હસ્તક્ષેપથી અમે આ અંતરને દૂર કરવા અને બાળકોને ખીલવાની તક આપવાનું લક્ષ્ય ધરાવીએ છીએ.



## સેન્ટર ફોર લર્નિંગ આસિસ્ટન્સ

(સકારાત્મક માર્ગદર્શન અને ભયમુક્ત વાતાવરણ પૂરું પાડીને વિદ્યાર્થીઓને સ્થિતિસ્થાપકતા અને સુખાકારી વિકસાવવા સક્ષમ બનાવવા )

કોરોનાના સમયગાળા દરમિયાન **સેન્ટર ફોર લર્નિંગ આસિસ્ટન્સ (CLA)** હરિરાજના સહયોગથી અસ્તિત્વમાં આવ્યું. સીએલએમાં અમે ભાષા અને પાયાના ગણિત પર વધુ ભાર મૂક્યો છે. અમે લેખન, વાંચન અને ઉચ્ચારણની નબળાઈઓને દૂર કરવાનો અને સર્જનાત્મકતા, કલ્પના શક્તિ અને મૌલિકતા વધારવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. સીએલએનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે માતાપિતા તેમના બાળકોના શિક્ષણ પ્રત્યે સંવેદનશીલ બને અને બાળકો મફત અને બાળકો મૈત્રીપૂર્ણ વાતાવરણમાં આનંદ અને રસ સાથે શીખી શકે. અમે માતાપિતાને શીખવાની પ્રક્રિયામાં સામેલ કરવાનો પણ પ્રયાસ કરી રહ્યા છીએ. આ વર્ષે સંસ્થાએ ૫ સ્વયંસેવકો / લર્નિંગ આસિસ્ટન્ટ / માર્ગદર્શકના સહયોગથી ભાંકોદર ગામમાં બે કેન્દ્રો સહિત પાંચ સેન્ટર શરૂ કર્યા છે અને ૧૨૫ બાળકો સુધી પહોંચી શક્યા છીએ.







## શિક્ષણ સહાયતા કેન્દ્ર (બેઝલાઇન, મિડલાઇન અને એન્ડલાઇનના સરેરાશ ગુણ)

| શૈક્ષણિક સહાયકનું નામ | કેન્દ્રનું નામ | બેઇઝલાઈન | | ટોટલ | એન્ડલાઈન | | ટોટલ |
|---|---|---|---|---|---|---|---|
| | | ગુજરાતી | ગણિત | | ગુજરાતી | ગણિત | |
| નેન્સીબેન ગાંગડીયા | મોટા માચીયાળા | 16.66 | 17 | 33.66 | 39.5 | 39.95 | 79.45 |
| પલ્લવીબેન ગઢાદરા | ભેરાઈ | 9.04 | 11.21 | 10.05 | 27.95 | 32.57 | 37.05 |
| ચકુબેન સાંખટ | ભાંકોદર - ૧ | 15.12 | 20 | 35.12 | 35 | 36.7 | 71.7 |
| Rekhaben | કોવાયા | 19.1 | 19.89 | 39 | 36.96 | 37.65 | 74.62 |
| વનિતાબેન કવાડ | ભાંકોદર - ૨ | 19.54 | 24.66 | 44.2 | 27.83 | 35.33 | 63.16 |

## કાર્યક્રમના લાભાર્થીઓનો કૌશલ્ય વિકાસ

### વિદ્યાર્થીઓનો પ્રેરણા પ્રવાસ માઈધર




સંસ્થાના CLA અને GE કાર્યક્રમના વિદ્યાર્થીઓએ લોકભારતી વિદ્યાલય, સાયન્સ ઇનોવેશન સેન્ટર - માઈધરની મુલાકાત લીધી હતી. જ્યાં તેઓએ નવીનતા સભર વૈજ્ઞાનિક પ્રદર્શનો દ્વારા વ્યવહારુ જ્ઞાન મેળવ્યું. બાળકોએ આપમેળે ચાલતા વાહન, તાળીઓથી સક્રિય બલ્બ, પ્લાસ્ટિક રમકડા બનાવવાનું મશીન અને હવામાન અંગે પ્રતિભાવ આપતી કપડાંની લાઇન સિસ્ટમ જેવા પ્રયોગોનું અવલોકન કર્યું. કાગળની થેલી બનાવવાની વર્કશોપ અને વિવિધ ઇન્ટરેક્ટિવ રમતો અને પ્રવૃત્તિઓએ મનોરંજક રીતે વિજ્ઞાનની એકાગ્રતા અને સમજણ સુધારવામાં મદદ કરી.
આકર્ષક વાતાવરણે બધા સહભાગીઓ માટે મૂલ્યવાન શિક્ષણ અને કૌશલ્ય-નિર્માણના અનુભવો પ્રદાન કર્યા.

## આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે ખેડૂતોનો પ્રેરણા પ્રવાસ




કાર્યક્રમના ભાગરૂપે ૨૨ ઓગસ્ટના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટી (AAU) ખાતે ખેડૂતો માટે એક પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન AAU ના વૈજ્ઞાનિકોએ સંકલિત કપાસ પાક વ્યવસ્થાપન અને કુદરતી ખેતી પદ્ધતિઓ પર માર્ગદર્શન પૂરું પાડ્યું. ખેડૂતોએ એગ્રોનોમી ફાર્મ ખાતે ઘરે બનાવી શકાય તેવા બાયો-ઇનપુટ અને વર્મીકમ્પોસ્ટ સહિત ટકાઉ કૃષિ તકનીકો દર્શાવતા નિદર્શન પ્લોટની પણ મુલાકાત લીધી. આ મુલાકાતમાં પર્યાવરણને અનુકૂળ ખેતી પદ્ધતિઓ વિશે વ્યવહારુ સમજ આપવામાં આવી હતી જેનો હેતુ ખેતીમાં રસાયણોનો ઉપયોગ ઘટાડવાની સાથે ઉત્પાદકતામાં વધારો કરવાનો હતો. આ શિક્ષણ દ્વારા ખેડૂતોને તેમના પોતાના ખેતરોમાં નવીન અને ટકાઉ પદ્ધતિઓ અપનાવવા માટે સશક્ત બનાવવામાં આવ્યા હતા.

## વાંચન લેખન સત્ર

**સ્ટીફન આર. કોવે દ્વારા લખાયેલ પુસ્તક - ખુબજ અસરકારક લોકોની ૭ આદતો ( 'મહાન હૃદયોના સારેગમપધની' સંજીવ શાહ દ્વારા ગુજરાતી અનુવાદ)**

**દિવસ:** દર શુક્રવારે

**સહભાગીઓ:** સંસ્થાની ટીમના સભ્યો

**ફોર્મેટ:** ઓનલાઈન ગ્રુપ વાંચન અને પ્રતિચાર

આંતરિક ક્ષમતા નિર્માણ અને નેતૃત્વ કૌશલ્યોને કેળવવાની અમારી ચાલુ પ્રતિબદ્ધતાના ભાગ રૂપે સાપ્તાહિક ઓનલાઇન વાંચન સત્ર ચલાવીએ છીએ. છેલ્લા ત્રણ વર્ષથી દર શુક્રવારે મળતી અમારી આ સત્ર બેઠક અમારા સ્ટાફ સભ્યો માટે એક સારી પ્રથા બની ગઈ છે.

દર અઠવાડિયે ટીમના સભ્યો વ્યક્તિગત અને વ્યાવસાયિક અસરકારકતા પરના સૌથી પ્રભાવશાળી પુસ્તકોમાંથી એક એવા ખુબજ અસરકારક લોકોની ૭ આદતો વાંચવા અને તેના પર ચર્ચા કરવા માટે ઓનલાઈન ભેગા થાય છે. સત્રો ગુજરાતીમાં યોજવામાં આવે છે, જેમાં સંજીવ શાહ દ્વારા વિચારશીલ અનુવાદનો ઉપયોગ કરવામાં આવે છે, જે શક્તિશાળી ખ્યાલોને વધુ સુલભ અને સંબંધિત બનાવે છે.

**વાંચન વર્તુળના ઉદ્દેશ્યો:**

- ટીમના સભ્યોમાં વિકાસની માનસિકતા અને સ્વ-જાગૃતિને પ્રોત્સાહન આપવું
- મૂલ્યો, ટેવો અને નેતૃત્વ અભિગમો પર ચિંતનને પ્રોત્સાહન આપવું
- સંચાર, સહયોગ અને વ્યક્તિગત જવાબદારીને મજબૂત બનાવવી
- સંવાદ અને પરસ્પર શિક્ષણ માટે જગ્યા પૂરી પાડવી

સક્રિય ભાગીદારી દ્વારા સ્ટાફ સભ્યો માત્ર સક્રિયતા, પ્રાથમિકતા, અસરકારક સંદેશાવ્યવહાર અને તાલમેલના સિદ્ધાંતો જ શીખી રહ્યા નથી, પરંતુ આ ટેવોને તેમના કાર્ય અને દૈનિક જીવનમાં પણ લાગુ કરી રહ્યા છે. જૂથ ચર્ચાઓ સમજણને વધુ ગાઢ બનાવવામાં, સમુદાયની ભાવના બનાવવામાં અને વ્યક્તિગત વિકાસને ટેકો આપવામાં મદદ કરે છે.



## દ્વિ-સાપ્તાહિક ઓનલાઈન લેખન સત્રો




પુરા વરસ દરમિયાન દર સોમવારે અમે દ્વિ-સાપ્તાહિક ઓનલાઈન લેખન સત્રો યોજતા હતા. આ સત્રો સમગ્ર સંસ્થામાં અમારા સ્ટાફ સભ્યોના અહેવાલ લેખન અને દસ્તાવેજીકરણ કૌશલ્યને મજબૂત બનાવવા માટે ડિઝાઇન કરવામાં આવ્યા હતા.

દરેક સત્ર દરમિયાન સ્ટાફ સભ્યોએ કાર્ય વિસ્તારની સફળવાર્તાઓ, મીટિંગ સારાંશ અને પ્રતિભાવો તેમજ પ્રવૃત્તિ અથવા કાર્યક્રમ અહેવાલો સહિત વિવિધ લેખિત અહેવાલો રજૂ કર્યા.

દરેક પ્રેઝન્ટેશન પછી વિભાગીય વડા તરફથી જૂથના મિત્રોને પ્રતિસાદ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. આ સ્પષ્ટતાઓ માળખાઓમાં સુધારા, વાર્તા કથનની શૈલીને વધુ મજબુત બનાવવી અને અસરકારક વાતચીતને વધારવા તેમજ ભાષા અને વ્યાકરણના ઉપયોગને મજબૂત બનાવવા પર કેન્દ્રિત હતી.

# કુદરતી સંસાધનોની જાળવણી

## કૃષિ અને જૈવવિવિધતા

ટકાઉ કૃષિ પ્રત્યેની સંસ્થાની પ્રતિબદ્ધતાના ભાગ રૂપે સંસ્થાએ ગ્રામીણ સમુદાયોમાં વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સંસ્થાની તાલીમ પામેલ ટીમ પર્યાવરણીય સંતુલનને ટેકો આપતી પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે જાગૃતિ અભિયાનો અને સતત સંવાદ દ્વારા ખેડૂતો સાથે સક્રિય રીતે સંકળાયેલી છે. અમારા આ પ્રયાસો જૈવવિવિધતાના સંરક્ષણ, માટી અને પાણીની ગુણવત્તામાં સુધારો, વેટલેન્ડ અને વન્યજીવનનું રક્ષણ તેમજ જોખમી ઇનપુટ્સ અને ખેતી પદ્ધતિઓથી દૂર રહેવા પર ભાર મૂકે છે. ખાંભા, બાબરા, ડભોઇ, શિનોર, કરજણ અને વડોદરા વિસ્તારના ખેડૂતોને કુદરતી અને કાર્બનિક ખેતી તકનીકો અપનાવે તેવું માર્ગદર્શન આપવા પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. આ પહેલ દ્વારા ખેતી પદ્ધતિઓમાં લાંબાગાળાની સ્થિતિસ્થાપકતા વધારતી વખતે પર્યાવરણની સંભાળને મજબૂત બનાવવાનો હેતુ પણ રાખીએ છીએ.



## REEL (જવાબદાર પર્યાવરણ અને આજીવિકા વધારવા) કપાસ ઉગાડતા ખેડૂતોનો તાલીમ કાર્યક્રમ



છેલ્લા ચાર વર્ષોથી સંસ્થાએ કોટનકનેક્ટની સહાયતાથી વડોદરા અને નર્મદા જિલ્લાના ડભોઈ, શિનોર, કરજણ, તિલકવાડા અને વડોદરા તાલુકાઓના ૨૬ ગામોમાં ૧૬૫૦ ખેડૂતો સાથે કામ શરુ કર્યું છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય ખેતીની આવક સુધારવા અને ગ્રામીણ આજીવિકાને મજબૂત બનાવવા તેમજ ક્ષમતાનિર્માણ માટેના હસ્તક્ષેપોનો અમલ કરવાનો છે.

**કાર્યક્રમ વિસ્તાર**




રીલ રિજનરેટિવ એગ્રીકલ્ચરના સિદ્ધાંતો પર આધારિત એક સર્વાંગી અભિગમ જે માટીની જીવનશક્તિને પોષે છે, જૈવવિવિધતાનું સંરક્ષણ કરે છે અને ખેડૂતની સ્થિતિસ્થાપકતામાં વધારો કરે છે. આ કાર્યક્રમ ટકાઉ અને પર્યાવરણીય રીતે યોગ્ય ખેતી પદ્ધતિઓ પર ભાર મૂકે છે. તાલીમ, નિદર્શન પ્લોટ, બાયો-ઇનપુટ ઉત્પાદન અને સમુદાય જાગૃતિ અભિયાનથી આ પહેલ ખેડૂતોને કાર્બનિક અને કુદરતી ખેતી પદ્ધતિઓ અપનાવવા માટે જરૂરી જ્ઞાન અને સાધનોથી તૈયાર કરે છે. આ પ્રયાસો માત્ર પર્યાવરણીય સંતુલનને પ્રોત્સાહન આપવા કે કુદરતી સંસાધનોના સંરક્ષણ કરવા માટે નથી પરંતુ ખેડૂતો માટે લાંબા ગાળાના ટકાઉપણું અને સામાજિક સુરક્ષા પણ અપાવે છે.

### થયેલ પ્રવૃતિઓ

#### ૧. તાલીમકારોની તાલીમ (ToT)

પ્રોજેક્ટ ટીમ અને સ્થાનિક ભાગીદારોની ક્ષમતાને મજબૂત બનાવવા માટે, કોટનકનેક્ટે તાલીમકારોની તાલીમ (ToT) સત્રોની શ્રેણીનું આયોજન કર્યું. આ તાલીમોમાં વ્યાખ્યાન, જૂથ ચર્ચા અને રજૂઆત જેવી પધ્ધતિનો ઉપયોગ થયો. જેમાં ટકાઉ કૃષિ પદ્ધતિઓ અને ખેડૂતને જોડતી તકનીકો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.



## ૨. ખેડૂતો માટે તાલીમ

ખેડૂતો માટે વાવણી પૂર્વેની પ્રવૃત્તિઓ, પાક વ્યવસ્થાપન, સંકલિત પોષક તત્વોનું વ્યવસ્થાપન (INM), સંકલિત જીવાત વ્યવસ્થાપન (IPM), સંકલિત કચરા વ્યવસ્થાપન, સલામત રીતે વીણીની પદ્ધતિઓ, કચરા વગર કપાસની વીણી અને ખેતરના ખાતર (FYM) ખાતરની તૈયારી સહિતના મુખ્ય વિષયો પર વ્યાપક તાલીમ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું.




## ૩. ખેડૂતજૂથની બેઠકો

ખેડૂતોને પાક વ્યવસ્થાપન તકનીકો પર વ્યવહારુ માહિતી પૂરી પાડવા માટે પ્રોજેક્ટ ગામોમાં નાની જૂથ બેઠકો યોજવામાં આવી હતી. આ ઇન્ટરેક્ટિવ સત્રો ખેડૂતોને પડકારો શેર કરવા અને પ્રોજેક્ટ ટીમ પાસેથી શક્ય એવા કાર્યક્ષેત્ર આધારિત ઉકેલો મેળવવા માટે પ્લેટફોર્મ તરીકે પણ કામ કરતા હતા.



## ૪. જાગૃતિ અભિયાન

ટકાઉ કૃષિ અને સલામત વીણીની પદ્ધતિઓ વિશે ખેડૂતો, મહિલાઓ, વિદ્યાર્થીઓ અને બહોળા સમુદાયમાં જાગૃતિ લાવવા માટે પ્રોજેક્ટના ગામોમાં મોબાઇલ વાન અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ ઝુંબેશોમાં વધુમાં વધુ લોકો સુધી પહોચવા માટે ઓડિયો સંદેશાઓ, લાઇવ વ્યાખ્યાનો, જૂથ ચર્ચાઓ અને IEC (માહિતી, શિક્ષણ અને સંદેશાવ્યવહાર) સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.



### ૫. નિદર્શન પ્લોટ

ખેડૂતોને વ્યવહારુ શિક્ષણના અનુભવો પૂરા પાડવા માટે IPM અને INM તકનીકો દર્શાવતા નિદર્શન પ્લોટ સ્થાપિત કરવામાં આવ્યા હતા. આ નિદર્શનો દ્વારા ખેડૂતો સુધારેલી કૃષિ તકનીકોને વધુ સારી રીતે સમજવા અને અપનાવવા સક્ષમ બન્યા. શિક્ષણ અને લોકો આ અખતરાઓને અપનાવે તે માટે આ પ્લોટોમાં સતત દેખરેખ અને ખેડૂતોની મુલાકાતોનું આયોજન કરવામાં આવ્યું.




### ૬. બાળ મજૂરી સર્વે અને બાળ કેન્દ્રિત પ્રવૃત્તિઓ

પ્રોજેક્ટ વિસ્તારોમાં બાળ મજૂરીની હાજરીનું મૂલ્યાંકન કરવા માટે એક સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. સમાંતર રીતે ખેડૂત સમુદાયોમાં બાળકોમાં શિક્ષણ, સુખાકારી અને જાગૃતિ લાવવા માટે બાળ-કેન્દ્રિત પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.

### ૭. ટપક સિંચાઈ સ્થાપન

ખેતીમાં પાણીના કાર્યક્ષમ ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે ટપક સિંચાઈ પધ્ધતિ સ્થાપિત કરવામાં આવી હતી. આ પહેલથી પાણી વ્યવસ્થાપનમાં મદદ મળે છે અને સંસાધનોનું સંરક્ષણ કરી ઉત્પાદકતા વધારવામાં મદદ કરે છે.

### ૮. બાયો-ઇનપુટ સેન્ટર

ઓર્ગેનિક જંતુનાશકો, ખાતર અને છોડ માટેના ટોનિક જેવા પર્યાવરણને અનુકૂળ ઇનપુટ્સનું ઉત્પાદન અને સપ્લાય કરવા માટે બાયો-ઇનપુટ સેન્ટરની સ્થાપના કરવામાં આવી હતી. આ કેન્દ્ર કુદરતી ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા અને રાસાયણિક ખેતી પર નિર્ભરતા ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.



## પ્રોગ્રામ યુનિટ માહિતી

| Sr. No. | Particulars | Status 2024-25 |
|---|---|---|
| 1 | Total Project Coordinator(PCs) | 2 |
| 2 | Project unit operational District | 2 |
| 3 | Project unit operational Blocks | 5 |
| 4 | Total number of Villages covered | 26 |
| 5 | Total number of Farmers | 1652 |
| 6 | Total number Male farmers | 1652 |
| 7 | Total number Female Famers | 0 |
| 8 | Total number of irrigated farmers | 1652 |
| 9 | Total number of rained farmers | 0 |
| 10 | Total number of learning Groups in the producer unit | 39 |
| 11 | Total area under Regenerative cotton production | 10438.49 |
| 12 | Total Irrigated area | 10438.49 |
| 13 | Total rainfed area | 0 |
| 14 | Total estimated seed cotton production (MT) | 7587757 |
| 15 | Average land holding in acre | 5.4 |
| 16 | Average Cotton Yield Expected (Kg / Acre) | 1070 |
| 17 | Nearest ginning unit distance (km) | 25-30 KM |

## સફળ વાર્તા :
## ખેતીના પુનર્જન્મ સાથે પરિવર્તન લાવવું



**નામ: વનરાજસિંહ જસવંતસિંહ કોઠિયા**
**ઉંમર: 33**
**ગામ: બુજેઠા, તાલુકો - તિલકવાડા , જિલ્લો - નર્મદા**
**કુલ જમીન : ૨૦ એકર**
**મુખ્ય પાક: કપાસ**
**કાર્યક્રમ સાથે જોડાણ : મે ૨૦૨૪ થી માર્ક્સ (રીલ રીજનરેટીવ કાર્યક્રમ)**

નર્મદા જિલ્લાના બુજેઠા ગામના ૩૩ વર્ષીય ખેડૂત વનરાજસિંહ જસવંતસિંહ કોઠિયા ૨૦૧૫ થી તેમની ૨૦ એકર જમીનમાં કપાસ ઉગાડી રહ્યા છે. ઘણા ખેડૂતોની જેમ તેમણે વધુ ઇનપુટ ખર્ચ, રાસાયણિક ખાતરો અને જોખમી જંતુનાશકો પર ખુબજ નિર્ભર તેમજ વિશ્વસનીય એવી સલાહના અભાવનો સામનો કરવો પડ્યો જેના કારણે જમીનનું ગુણવત્તા ખરાબ થઇ અને નાણાકીય ખેચ ઉભી થઇ.

મે ૨૦૨૪ માં વનરાજસિંહ REEL રીજનરેટીવ કાર્યક્રમમાં જોડાયા જે એક ટર્નીંગ પોઈન્ટ સાબિત થયો. વ્યવહારુ તાલીમ, એક્સપોઝર મુલાકાતો અને પોતાની જમીન પર નિદર્શન પ્લોટ દ્વારા તેમણે માટી પરીક્ષણ, ફેરોમોન અને સ્ટીકી ટ્રેપનો ઉપયોગ, પક્ષી છાજલીઓ, લીમડાનું તેલ, જૈવિક ખાતરો અને ઘરે બનાવેલા જૈવિક જંતુનાશકો જેવી ટકાઉ પદ્ધતિઓ શીખી.

આ ફેરફારોથી તેમને તેમના ઇનપુટ ખર્ચમાં ૧૦-૧૫ % ઘટાડો કરવામાં મદદ મળી એટલુ જ નહીં પરંતુ અતિભારે વરસાદ અને પૂર દરમિયાન પણ પાક નીરોગી રહ્યો અને ઉપજમાં પણ વધારો થયો. તેમણે સલામત વીણીની પદ્ધતિઓ પણ અપનાવી અને બાળ મજૂરી અને સમાન વેતન જેવા સામાજિક મુદ્દાઓ વિશે પણ વધુ જાગૃત બન્યા.

આજે, વનરાજસિંહને તેમના ખેતી વિશેના અભિગમમાં જે પરિવર્તન થયું તેના પર ગર્વ છે. તેઓ વધુ આત્મવિશ્વાસુ, આર્થિક રીતે સ્થિર અને પર્યાવરણને અનુકૂળ ખેતી માટે ખૂબ જ પ્રતિબદ્ધ છે. તેઓ તેમના સમુદાયના અન્ય લોકોને રીજનરેટીવ ખેતી પદ્ધતિઓ અપનાવવા માટે પણ પ્રોત્સાહિત કરે છે.

વનરાજસિંહ કહે છે કે “આ કાર્યક્રમથી મને માટી, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્યનું મૂલ્ય સમજવામાં મદદ મળી. હવે હું ઓછા રસાયણોનો ઉપયોગ કરું છું અને વધુ સારા પરિણામો મેળવું છું. હું અન્ય લોકોને તેની ભારપૂર્વક ભલામણ કરું છું,”

## ખેડૂત ઉત્પાદક સંગઠન

ખેડૂત ઉત્પાદક સંગઠન (જાફરાબાદ એગ્રીકલ્ચર પ્રોડ્યુસર કંપની લિ.) જાફરાબાદ, ઉના અને ગીર ગઢડા તાલુકાઓમાં વર્ષ ૨૦૧૬થી કાર્યરત છે.

| Particular | Jafrabad Agriculture Producer Co. Ltd |
|---|---|
| Registration detail | Registered under companies Act, 1956 |
| Reg. No. | U01132GJ2016PTC085768 |
| Registered office Address | Chalala road, Opp. Kumarshala, Khambha – 365650 Gujarat – India |
| Share holder | 1206 |
| Training & Exposure | “Lead Farmer FPO Management Training” was organized on 5th September, 2024 at Bhagirath Hotel, Gangada.<br>From 4th to 6th March, 2025 A three-day training program and exposure visit was organized for Farmer Producer Organizations (FPOs) at Somnath. The program was conducted by FWWB and covered a variety of important topics: |
| Procurement & Selling activities carried out | An Agri Input Center was established at Timbi. Through this center, farmers can easily obtain seeds, fertilizers, pesticides, and farming tools. |

## Profile of Hariraj Charitable Trust

| | |
|---|---|
| **Legal Status** | Registered under section 2 the Bombay Public Trust Act (1950) at public trust registration office. |
| **Registration No.** | E/638/Amreli, 12/01/1993 |
| **Income tax Provisional Registration No. (Under Section 12 A)** | AAATH2720EE20211 Dated 30/05/2022 |
| **Income tax Exemption (Under Section 80G) Provisional Approval No.** | AAATH2720EF20214 dated 28/05/2021 |
| **FCRA Registration No.** | 041930023 on dated 27th March 2019<br>Renewed by MHA for next five years with effect from 27/03/2024 with Ref. No. 0300005522023 dt.29/12/2023 |
| **Permanent Account No.** | AAATH2720E |
| **NGO Darpan ID** | GJ/2010/0035342 Dated 30/08/2010 |
| **GuideStar No. (GSN)** | 992 |
| **Undertaking CSR activities Registration no.** | CSR00006687 Dated 25/05/2021 |
| **Registered Office Address** | 26-Omnagar (3), Behind GIDC, Hanumanpara Road, Amreli - 365 601 Tel : +91- 6356352828 |
| **Head Office Address** | As above |
| **Auditors** | M/S. A.B. Kothiya & Co., Chartered Accountant, Opp. Library, Amreli- 365601 |
| **Bankers** | **FC designated account**<br>SBI New Delhi Main Branch, Parliament street, New Delhi - 110001<br>**FC Another and utilization account**<br>UCO Bank, Tower road, Amreli– 365601<br>**Non FC Account**<br>ICICI Bank, Amreli<br>YES Bank, Ahmedabad |
| **Social media link** | **LinkedIn:** https://in.linkedin.com/company/hariraj<br>**Twitter:** https://twitter.com/hariraj_vo<br>**Facebook:**https://www.facebook.com/people/Hariraj/100064499539643/<br>**Instagram:** https://www.instagram.com/hct117/?hl=e<br>**Youtube:**https://www.youtube.com/channel/UCrEvk95N4eXSXkgW2I6vsiQ |

Trust Deed and audit report of the Trust are available in any time on demand.

## ક્રેડીબીલીટી એલાયન્સના ધોરણો

### સંસ્થાની ઓળખ

હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના ૧૯૯૩માં નયન ગાંધી દ્વારા કરવામાં આવી હતી. હરિરાજ ચેરિટેબલ ટ્રસ્ટ એ બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ (નોંધણી નંબર: E/638/અમરેલી) હેઠળ નોંધાયેલ ચેરિટેબલ ટ્રસ્ટ છે. સંસ્થાની ટ્રસ્ટ ડીડ અને ઓડિટ રિપોર્ટ કોઈપણ સમયે માંગવાથી ઉપલબ્ધ રહેશે.

### દ્રષ્ટિ

શિક્ષણ, પર્યાવરણ અને આરોગ્ય સહિત આવક નિર્માણ વિશે જાગૃત સમુદાયનું નિર્માણ કરવું.

### મિશન

પર્યાવરણની જાળવણી, આવક નિર્માણ અને કૃષિ વિકાસ સાથે સમાજમાં શિક્ષણ અને આરોગ્ય સંભાળ માટે કામ કરવું.

### ઉદ્દેશ્યો

- પછાત વર્ગના વિદ્યાર્થીઓને શૈક્ષણિક વિકાસ માટે મદદરૂપ થવું અને તાલીમ કાર્યક્રમ દ્વારા સાક્ષરતામાં વધારો કરવો.
- વિવિધ આરોગ્ય કાર્યક્રમોનું આયોજન કરીને અને લોકોને વધુ સારી સેવાઓ પૂરી પાડવા સાથે ગ્રામીણ વિસ્તારોમાં રોગોને નિયંત્રિત કરવાના પગલાં ભરવા.
- ગ્રામીણ વિસ્તારોમાંથી અંધશ્રદ્ધા ટાળવા અને સ્વ-રોજગાર પ્રવૃત્તિઓ ઉભી કરવાના પ્રયાસો કરવા.
- આજીવિકાનો વિકલ્પ પ્રદાન કરીને પર્યાવરણને બચાવવું અને જાળવવું.
- કૃષિ પદ્ધતિમાં નવીનતા દ્વારા ગ્રામીણ વિકાસ માટે કામ કરવું.
- આપત્તિની તૈયારી માટે કામ કરવુંઅને આપત્તિ દરમિયાન રાહત કાર્ય કરવા.

### સંચાલન

ટ્રસ્ટનું સંચાલન દ્વિસ્તરીય સંચાલન પદ્ધતિથી ચાલી રહ્યું છે. ટ્રસ્ટ બોર્ડ ટ્રસ્ટ ના કાર્યક્રમો, વાર્ષિક અહેવાલ, વાર્ષિક બજેટ અને ઓડિટેડ નાણાકીય સ્ટેટમેન્ટને મંજુરી આપે છે અને પ્રવૃત્તિઓની બાબતોમાં મહત્વપૂર્ણ નિર્ણય લે છે તેમજ કારોબારી સમિતિમાં સભ્યોની નિમણૂક કરે છે. કારોબારી સમિતિ ટ્રસ્ટના સંચાલનની કામગીરી સંભાળે છે. ટ્રસ્ટી બોર્ડ અને કારોબારી સમિતિ મીટિંગ બંનેની મિનિટ્સનું દસ્તાવેજીકરણ કરવામાં આવે છે અને સભ્યોમાં ફેરવવામાં આવે છે. હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટની કારોબારી સમિતિ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૩મી જુન ૨૦૨૪, ૨૪મી ઓક્ટોબર, ૨૦૨૪ અને ૩૦મી માર્ચ ૨૦૨૫ એમ કુલ ૩ (ત્રણ) વખત મળી. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ટ્રસ્ટ બોર્ડ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૪ અને ૩૦મી માર્ચ ૨૦૨૫ એમ ૨ (બે) વખત મળ્યું હતું.

### સ્ટાફ મીટીંગ

સ્ટાફના સભ્યોના વિચારો, અનુભવોના આદાનપ્રદાન તેમજ ટીમના સભ્યો વચ્ચે આત્મીયતા વધારવાના હેતુથી નિયમિત સ્ટાફ મીટીંગનું આયોજન કરવામાં આવે છે. આ બેઠકમાં પ્રોજેક્ટ પ્રમાણે કામની સમીક્ષા, મુશ્કેલીઓ, સૂચનાઓ, લક્ષ્યાંક, ભાવિ આયોજન વગેરેની ચર્ચા કરવામાં આવે છે. આંતરિક મૂલ્યાંકનની જવાબદારી ટીમના સભ્યોને આપવામાં આવે છે. જ્યારે નવા સભ્ય ટીમમાં જોડાય છે ત્યારે સંસ્થાના વિઝન, મિશન અને સંસ્થા શા માટે શરુ થઇ તેનો ટૂંકો પરિચય આપવામાં આવે છે. સંસ્થા અને સરકાર વચ્ચે જોડાણ, સહયોગ, સ્વૈચ્છિક પ્રવૃત્તિ શું છે, સંસ્થાની નોંધણી, નિયમો, ટ્રસ્ટીઓ, માળખું, આવક ખર્ચ વગેરે બાબતો જણાવવામાં આવે છે. જો કોઈ સભ્યોએ મહિના દરમિયાન કોઈપણ તાલીમ/મીટિંગમાં ભાગ લીધો હોય તો તેના પર ટૂંકી રજૂઆત કરવામાં આવે છે. જો હાજર સભ્યો પૈકી કોઈને એવું થાય કે આ બાબત સાવ નવી છે તો તેની વિગતવાર રજૂઆત કરવામાં આવે છે.

### અન્ય સમિતિઓની બેઠક

અસરકારક સંચાલન અને વહીવટી કાર્ય માટે સંસ્થાએ વિવિધ સમિતિઓની રચના કરી છે. જેની નિયમ મુજબ વર્ષ દરમિયાન બેઠકો યોજાઈ હતી.

### જવાબદારી અને પારદર્શિતા

હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટે બોર્ડના કોઈપણ સભ્યોને વળતર, બેઠક ફી કે અન્ય કોઈપણ પ્રકારના મહેનતાણાનું ચૂકવણું કર્યું નથી. સંસ્થા બોર્ડના સભ્યોને મુસાફરી માટે કોઈ પ્રકારનું ચૂકવણું કરતી નથી.

### દાતાઓનું યોગદાન

હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ જે પ્રકારના કામો કરી રહી છે તે માટે દાન પર વધુ આધાર રાખવો પડે છે. તેથી અમને ટેકો આપવામાં વ્યક્તિગત દાતાઓ ખૂબ જ મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. જીવનના તમામ ક્ષેત્રના લોકોએ કરેલ યોગદાનનું અમે મૂલ્યાંકન કર્યું છે. અમે આપ સૌને અમારી સાથે જોડાવા અને સમાજ માટે યોગદાન આપવા માટે વિનંતી કરીએ છીએ. અમારા આ પ્રયત્નો તમારા બધાની ભાગીદારી અને યોગદાન વિના સફળ થશે નહીં. સંસ્થાના આ પ્રવાસમાં સક્રિયપણે જોડાવા આપ સૌને અમે પ્રોત્સાહિત કરીએ છીએ.

### અન્ય ગ્રાન્ટ આપતી સંસ્થાઓ

અમે તે એજન્સીઓના પણ આભારી છીએ જે અમારા કાર્ય વિસ્તાર અને કામ પ્રત્યે ધ્યાન આપી અમને નાણાકીય સહયોગ પૂરો પાડે છે. અમે કોટન કનેક્ટ, નાબાર્ડ અને ઇકવલ કોમ્યુનીટી ફાઉન્ડેશન વગેરેના પણ આભારી છીએ.

### જોડાણ

કોટન કનેક્ટ, નાબાર્ડ (NABARD), શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર, એમસીએક્સ (MCX), અવિરત એગ્રો પ્રોડ્યુસર કંપની લિમિટેડ, ગુજરાત જૈવવિધતા બોર્ડ, જાફરાબાદ એગ્રીકલ્ચર પ્રોડ્યુસર કંપની લિમિટેડ, કોટન કનેક્ટ ફાર્મર કમ્યુનિટી ફાઉન્ડેશન, ઇક્વલ કમ્યુનિટી ફાઉન્ડેશન તથા બારડોલી અને અમરેલીની વિવિધ ગ્રામ સંસ્થાઓ વગેરે.

### કાર્યક્ષેત્ર

હરિરાજ ચેરિટેબલ ટ્રસ્ટ ગુજરાત રાજ્યમાં કાર્યરત છે, જેમાં ખાસ કરીને અમરેલી જિલ્લાના જાફરાબાદ, અમરેલી, બાબરા અને ખાંભા બ્લોક તેમજ વડોદરા અને નર્મદા જિલ્લાના દાબોઇ, શિનોર, કરજણ, તિલકવાડા અને વડોદરા બ્લોકોમાં મુખ્યત્વે કાર્ય કરવામાં આવે છે. આ સંસ્થા ગુજરાત રાજ્યની અન્ય વિવિધ સંસ્થાઓ સાથે પણ સહયોગમાં કાર્ય કરી રહી છે.

**Staff Remuneration in Rupees**

| Staff salary | Male | Female | Total |
|---|---|---|---|
| Till 5000 | 00 | 02 | 02 |
| 5000 to 10000 | 01 | 04 | 05 |
| Above 10000 | 06 | 02 | 08 |
| Unpaid Volunteers | 00 | 00 | 00 |

**Minimum and Maximum salary in Rs.**

| Details | Yearly |
|---|---|
| Head of the Organization | 00 |
| Highest paid | 2,50,000 |
| Lowest Paid | 32,000 |

| | | |
|---|---|---|
| Full time staff : 15 | Part time staff: 00 | Unpaid volunteers: 00 |

## Name and designation of Executive Committee members on 31st March 2025

| Sr. No. | Name | Age | Sex | Educational Qualifications | Designation | Occupation | Relation between board members (If any) | Meeting Attended |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Dhiraj Vagadia | 66 | M | B.S.W. | Chairmen/ Director | Service | N/A | 3/3 |
| 2 | Mansi Dobariya | 25 | F | M.A. | Secretary | Service | N/A | 1/3 |
| 3 | Narendra Ponkiya | 37 | M | M.R.S. | Member | Service | N/A | 2/3 |
| 4 | Bharat Vala | 39 | M | M.A. | Member | Service | N/A | 3/3 |
| 5 | Rajesh Rathod | 33 | M | M. Com | Member | Service | N/A | 3/3 |

## Project Handled in Past/on-Going

| Sr. No. | Project/Program | Target area | Beneficiary Groups | Duration | Source of Funding |
|---|---|---|---|---|---|
| 1 | Reproductive Child Health | 5 Village | 1500 Children | 2001-2005 | Health Department |
| 2 | Nirmal Jal Sukhakari | Lathi Block | All villagers | 2004-2005 | GSWSB |
| 3 | Sardar Vidhyalay | Damanagar | Std. 1 to 7 | 2000-2012 | Fees &Donation |
| 4 | Vocational Training Course | Amreli | 50 poor women | 2001-2002 | Central Social Welfare Board |
| 5 | Self Help Group (SHG) | 5 Village | Disadvantaged | 2001-2004 | Donation |
| 6 | School AIDS Education | 14 High Schools | 9th Students | 2000-2002 | GAP |
| 7 | Namak Majadur Avas | Chanch Village | 22 Agariya | 2004-2008 | Industries Dept. |
| 8 | Smarak Renovation | Nadala, Sitavav | NA | 2003-2004 | Archeology Dept. |
| 9 | Promotion and credit linkage SHGs | Khambha Block | 100 (SHGs) | On going | NABARD |
| 10 | Resource organization of VVY | Dharampur | 36 (Village) | 2009-2012 | Forest Department |
| 11 | Skill development initiatives | Khambha & Amreli Block | 90 (Trainees) | 2009-2012 | NABARD |
| 12 | Micro Enterprise Development Program | Jafrabad, Dhari, Rajula,Khambha | 120(Trainees) | On going | NABARD |
| 13 | Capacity Building of Gram Sanjivni Samiti | Bardoli Block of Surat District | 75 VHSCs | Completed | Health department and FRHS |
| 14 | Technical support Group for Biodiversity Management Committee and Public Biodiversity Register (BMC/PBR) | Jafrabad block of Amreli district | 10 villages (BMC) 2 Villages (PBR) | Completed | Gujarat biodiversity board |
| 15 | Promotionof Farmers Producer Organisation | Jafarabad Block of Amreli District. | 20 villages | 2015-18 | NABARD |
| 16 | Capacity building of Gram SanjivaniSamiti | Amreli, Khambha & Dhari block of Amreli district | 197 villages | Completed | Health Department |
| 17 | NULM Skill Development Training | Amreli | 45 persons | Completed | NSHM |
| 18 | Simulation Study for Crop Insurance | Gir Somnath | 11 villages | Completed | GIZ |
| 19 | Promotion of Improved Farming Practices in Cotton Crop | Khambha, Babara and Amreli block of Amreli district | 39 villages | 2017-18 to continue ... | Cotton Connect |
| 20 | Gender education | Amreli & Babara | 19 village | 2019.20 to continue ... | Self-generated fund |
| 21 | CLA | Jafarabad, Rajula & Amreli block | 8 villages& 10 Center | 2020 to continue... | Self-Generated fund |
| 22 | REEL project | Dabhoi & Sinor blocks of Vadodara district | 8 villages | 2021 to continue | CottonConnect |
| 23 | Women Climate Change Leadership Program (Piloting) | Dabhoi block of Vadodara district | 3 villages | 2022 to 2024 | CottonConnect |
| 24 | REEL VLI | Vadodara and Narmada District | 15 villages | 2024 to 2025 | CottonConnect |

## Receipt & Payment Account for the year Ended 31/03/2025

| Receipts | Amt. Rs. | Payment | Amt. Rs. |
|---|---|---|---|
| Opening Cash/Cheque in hand | 11810.00 | Capital exp. | 22800.00 |
| Opening Bank Account | 1301156.06 | Sundry Debtors | 32722.00 |
| Sundry Debtors | 190590.00 | Advance to others | 0.00 |
| Loans (Liabilities) | 74450.00 | Deposit (Asset) | 685926.00 |
| Current (Asset) | 1441220.00 | Administrative | 304029.77 |
| Donation | 222372.05 | Expenditure on objects of Trust | 4737660.84 |
| Grant | 3990701.00 | Repairs & Maintenance | 44040.00 |
| Interest | 124189.00 | Closing cash/cheque in hand | 10610.00 |
| Other Income | 245620.72 | Closing bank accounts | 420672.22 |
| Transfer for Reserve | 52574.60 | Transfer for Reserve | 0.00 |
| | | Other Earmarked Funds | 25595.89 |
| | | Loans (Liabilities) | 73526.71 |
| Total | 6357583.43 | Total | 6357583.43 |

## Abridge Income & Expenditure

| Expenditure | 2024 | 2025 | Income | 2024 | 2025 |
|---|---|---|---|---|---|
| Administrative Exp. | 178301.79 | 271767.61 | Project Grant | 4809554.00 | 3990701.00 |
| Repairs & Maintenance | 43606.00 | 14311.28 | Interest Income | 151198.00 | 124189.00 |
| Project exp. | 4684549.00 | 4769923.00 | Other Income | 255839.00 | 215892.00 |
| Depreciation | 143189.00 | 123102.00 | Donation | 142122.69 | 222372.05 |
| Transfer fund for next year | 537280.00 | 0 | By transfer from fund | 522965.31 | 52574.60 |
| Excess of income over exp. | 294753.21 | 0 | Deficit carried over to balance | 0.00 | 573375.24 |
| **Total** | **5881679.00** | **5179103.89** | **Total** | **5881679.00** | **5179103.89** |

## Abridge Balance Sheet

| Funds & Liabilities | 2024 | 2025 | Assets | 2024 | 2025 |
|---|---|---|---|---|---|
| Trust Fund / Corpus | 990500.00 | 990500.00 | Fix assets | 685852.00 | 585550.00 |
| Secu /Unsecured loans | 102448.00 | 130350.00 | Loans Advances | 0.00 | 0.00 |
| Current liabilities | 52574.60 | 0.00 | Current assets | 2493797.06 | 2144272.22 |
| Income & Expenditure | 2239863.46 | 1666488.22 | Sundry debtors | 205737.00 | 57516.00 |
| **Total** | **3385386.06** | **2787338.22** | **Total** | **3385386.06** | **2787338.22** |

**All accounts of organization are constructed on CASH basis.**

A.B. KOTHIYA & CO.
Second Floor, Girnar Complex, Library Road, Amreli - 365601

**SCHEDULE - IX**
( See Rule - 17(1))

## .INCOME AND EXPENDITURE FOR THE YEAR ENDED 31st March, 2025

**Name of Public Trust :-** Hariraj Charitable Trust, Amreli
**Trust Registered No :-** E/638/Amreli
**Date of Trust Registration :-** 12/01/1993
**Address of the Trust Office :-** 26,Omnagar (3),Behind G.I.D.C. Hanumanpara Road,Amreli-365601.
**Phone No.** :- 02792 299096
**Bank Account No. of Trust For Transaction of Foreign Contribution:-**
**F.C.R.A. No. :-** 041930023 **Date :-** 27/03/2019

| EXPENDITURE | Sche | AMOUNT [ IN Rs. ] | AMOUNT [ IN Rs. ] |
|---|---|---|---|
| **To Expenditure in Respect of Properties** | 6 | | |
| (A)Rate ,Taxes,Cesses | | 0.00 | |
| (B)Rapair & Maintanance | | 14311.28 | |
| (C)Insurance | | 0.00 | |
| (D)Other Expense | | 0.00 | 14311.28 |
| **To Establishment Expenses** | | | |
| (A)Remuneration | | | 0.00 |
| (B)Other Expense | | | 0.00 |
| **To Legal Expenses** | | | |
| FCRA Registration Fees | | 0.00 | |
| Legal Fees | | 0.00 | 0.00 |
| **To Audit Fees** | | | 0.00 |
| **To Contribution Fee** | | | 50000.00 |
| **To Amounts Written Off** | | | |
| (A) Bad Debts | | | 0.00 |
| (B) Loan Scholarships | | | 0.00 |
| (C) Irrecoverable Rents | | | 0.00 |
| (D) Other Item | | | 0.00 |
| **To Administrative Expenses** | 7 | | 221767.61 |
| **To Depreciation** | 3 | | 123102.00 |
| **To Amount Transferred to Reserve of Specific Fund** | 8 | | 0.00 |
| **To Expenditure on Objects of the Trust** | 9 | | |
| (A) Religious | | | 0.00 |
| (B) Educational (B) | | | 208633.20 |
| (C) Medical relief | | | 0.00 |
| (D) Relief of Poverty | | | 0.00 |
| (E) Other Charitable objects (A+C+D+E+G+H+I) | | | 4561289.80 |
| **To Surplus carried to Balance Sheet** | | | |
| **Total Amount Rs.** | | | 5179103.89 |

| INCOME | Sche | AMOUNT [ IN Rs. ] | AMOUNT [ IN Rs. ] |
|---|---|---|---|
| **By Rent (Accured/Realized)** | | | |
| Hall Space Rent Income | | | 215892.00 |
| **By Interest (Accured/Realized)** | 10 | | |
| (A)Bank Saving Interest | | 50110.00 | |
| (B)F.D.Interest | | 74079.00 | |
| (C)Securities (Bond and Int) | | 0.00 | |
| (D)TDS Interest | | 0.00 | 124189.00 |
| **By Donation in Cash or Kind** | 11 | | |
| (A)Domestic (Local) | | 222372.05 | |
| (B)International F.C.R.A.No. & Date | | 0.00 | 222372.05 |
| **By Grant Income** | 12 | | 3990701.00 |
| **By Other Income** | 13 | | 0.00 |
| Interest Earned | | | 26978.71 |
| **By Transferred From Reserve** | 14 | | 25595.89 |
| **By Deficit carried over to Balance Sheet** | | | 573375.24 |
| **Total Amount Rs.** | | | 5179103.89 |

Place : Amreli
Date : 30-09-2025

HARIRAJ CHARITABLE TRUST * AMRELI *

A. B. KOTHIYA & Co. AMRELI CHARTERED ACCOUNTANTS

As per our report of even date
For, A. B. KOTHIYA & CO.
Chartered Accountant
(Ashok B. Kothiya)
Partner
M. No. 107721
UDIN : 25107721BMHMIJ6045

**A.B. KOTHIYA & CO.**
Second Floor, Girnar Complex, Library Road, Amreli - 365601

**SCHEDULE - VIII**
(See Rule - 17(1))

**BALANCE SHEET AS ON 31st March, 2025**

**Name of Public Trust :-** Hariraj Charitable Trust, Amreli
**Trust Registered No :-** E/638/Amreli
**Date of Trust Registration :-** 12/01/1993
**Address of the Trust Office :-** 26,Omnagar (3),Behind G.I.D.C. Hanumanpara Road,Amreli-365601.
**Phone No.** :- 02792 299096
**Bank Account No. of Trust For Transaction of Foreign Contribution:-**
F.C.R.A. No. :- 041930023
Date :- 27/03/2019

| FUNDS & LIABILITIES | Sche | AMOUNT [ IN Rs. ] | AMOUNT [ IN Rs. ] | PROPERTY & ASSETS | Sche | AMOUNT [ IN Rs. ] | AMOUNT [ IN Rs. ] |
|---|---|---|---|---|---|---|---|
| **Trust Funds or Corpus** | | | | **Immovable Properties** | | | 0.00 |
| Corpus Fund A.P.L.Y. | | | 990500.00 | | | | |
| **Other Earmarked Funds** | 1 | | | **Investments** | | | 0.00 |
| A) Depreciation Fund | | | 0.00 | **Furniture and Fixtures** | 3 | | 585550.00 |
| B) Sinking Fund | | | 0.00 | | | | |
| C) Reserve Fund | | | 0.00 | **Movable Properties** | | | 0.00 |
| D) Any other Fund | | | 0.00 | | | | |
| E) Fund Transfer U/S 11(2) | | | 0.00 | **Current Assets Advance** | 4 | | |
| | | | | (A)To Trustee | | | 0.00 |
| **Loans (Secured or Unsecured)** | 2 | | | (B)To Employees | | | 0.00 |
| (A)From Trustees | | | 0.00 | (C)To Contractor | | | 0.00 |
| (B)From Others | | | 130350.00 | (D)To Lawyers | | | 0.00 |
| | | | | (E)To Others | | | 1770506.00 |
| **Liabilities** | | | | | | | |
| (A)For Expenses | | | 0.00 | **Grant Receivable** | | | 0.00 |
| Interest Earned on Foreign Contribution | | | | | | | |
| A.P.L.Y. | | 26978.71 | | **Income Outstanding** | | | |
| Less : During The Year | | 26978.71 | 0.00 | (A)Rent | | | 0.00 |
| (B)For Advance | | | 0.00 | (B)Interest | | | 0.00 |
| (C)For Rent and other Deposite | | | 0.00 | (C)Other Income | | | 0.00 |
| (D)For Sundry Creditors Balance | | | 0.00 | | | | |
| | | | | **Cash and Bank Balance** | 5 | | 431282.22 |
| **Income and Expenditure Account** | | | | | | | |
| Balance as per Last Year Balance Sheet | | 2239863.46 | | | | | |
| Current Year Loss / Surplus | | 573375.24 | 1666488.22 | | | | |
| **Total Amount Rs.** | | | 2787338.22 | **Total Amount Rs.** 0.00 | | | 2787338.22 |

Place : Amreli
Date : 30-09-2025

HARIRAJ CHARITABLE TRUST * AMRELI *

A. B. KOTHIYA & CO. AMRELI CHARTERED ACCOUNTANTS

As per our report of even date
For, A. B. KOTHIYA & CO.
Chartered Accountant
(Ashok B. Kothiya)
Partner
M. No. 107721
**UDIN : 25107721BMHMIJ6045**

HARIRAJ CHARITABLE TRUST























HARIRAJ
CHARITABLE TRUST

# વાર્ષિક અહેવાલ ૨૦૨૪-૨૫

## કાર્યક્રમો

- આરોગ્ય અને જાગૃતતા
- શિક્ષણ અને બાળ સંભાળ
- કુદરતી સંશાધનોની જાળવણી

## ટ્રસ્ટીઓ


- ધીરજ વાગડિયા
- કંચન વાગડિયા
- સુરેશ ગોહિલ
- કવિતા કથીરિયા
- હાર્દિક વાગડિયા


**Fundraising Platform**

give INDIA

Commitment to Transparency Verified, Valid till Dec 2023 — GuideStarIndia — Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org

GREATNONPROFITS 2024 TOP-RATED NONPROFIT


**મુખ્ય કચેરી :**

**હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ**

26, ઓમનગર-3, GIDC પાછળ,
હનુમાનપરા રોડ, અમરેલી - 365601
(ભારત),
ફોન: +૯૧-૬૩૫૬૩૫૨૮૨૮
Email: info@hariraj.org

**ફિલ્ડ ઓફીસ :**

૧. REEL Project : c/o ગણેન્દ્રસિંહ પરમાર, મકાન નં. 50, મહાદેવ ફળિયા, ગામ: બુજેઠા, તા. તિલકવાડા, જિલ્લો. નર્મદા / વડોદરા, ગુજરાત – ૩૯૧૧૨૦.
Email - reel@hariraj.org

૨. જાફરાબાદ એગ્રીકલ્ચર પ્રો. કંપની લી., મોલી રોડ, ટીંબી-૩૬૨૭૩૦, – 362730,
Email: jaapcolimited@gmail.com